વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી
આણંદ કૃષિ યુનિવર્સિટી
આણંદ-૩૮૮ ૧૧૦

પરિપત્ર

આણંદ કૃષિ યુનિવર્સિટીના સર્વે યુનિટ અને સબ યુનિટના વડાશ્રીઓને જણાવવાનું કે આપના કેન્દ્ર (ઓન કેમ્પસ તેમજ ઓફ કેમ્પસ ખાતે) દ્વારા યોજવામાં આવતી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ પ્રવૃતિઓ તેમજ યુનિવર્સિટી કક્ષાએ યોજવામાં આવતા કાર્યક્રમોની માહિતી જ્યારે પ્રેસનોટ તરીકે પ્રસિદ્ધ કરવાની થાય ત્યારે તેને સીધેસીધી જ વિવિધ પ્રચાર-પ્રસારના માધ્યમોમાં મોકલી આપવામાં આવતી હોય છે, જેમાં ઘણીવાર ખૂબ જ ક્ષતિઓ રહી જતી માલૂમ પડેલ છે.

આથી માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર નીચેની ગઠિત કમિટીના કોઈપણ સભ્ય દ્વારા યોગ્ય રીતે ચકાસણી થયા બાદ જ પ્રેસનોટ પ્રસિધ્ધી અર્થે મોકલવાની રહશે, જેનું દરેક યુનિટ/સબ યુનિટના વડાશ્રીઓએ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

પ્રેસનોટ ચકાસણી માટેની કમીટી

ક્રમ	સભ્યનું નામ	હોદ્દો અને કચેરી
૧	ડો. ભાવીન રામ	માન. કુલપતિશ્રીના તાંત્રિક અધિકારી, માન. કુલપતિશ્રીની કચેરી, આકૃયુ, આણંદ.
૨	શ્રી પિનાકીન સી. પટેલ	મદદ. વિસ્તરણશિક્ષણ શાસ્ત્રી, વિસ્તરણ શિક્ષણ નિયામકની કચેરી, આકૃયુ, આણંદ.
3	શ્રી દિનેશ એચ. દૂધાત	ખેતી અધિકારી, સંશોધન નિયામકની કચેરી, આકૃયુ, આણંદ

પ્રેસ નોટ તૈયાર કરતી વખતે ધ્યાનમાં રાખવાના મુદ્દાઓ

- પ્રેસનોટમાં યોજવામાં આવેલ અથવા તો યોજાનાર પ્રોગ્રામ નો હેતુ દર્શાવવાનો રહેશે.
- પ્રોગ્રામ રાજ્ય/ દેશ / આંતરરાષ્ટ્રીય એમ કઈ કક્ષાનો છે તે દર્શાવવાનું રહેશે.
- પ્રોગ્રામના અધ્યક્ષશ્રી/મુખ્ય મહેમાનશ્રી/ અતિથી વિશેષશ્રી / આયોજકના વક્તવ્યના મુખ્ય મુદ્દાઓનો સમાવેશ કરવાનો રહેશે.
- પ્રેસનોટમાં વધારે પડતા નામો દર્શાવવાના રહેશે નહી.

- જો કોઈ પ્રોજેકટને લગતી પ્રેસનોટ હોય તો તેમાં સ્પોન્સરશીપ કોની છે તે વિગત પણ અવશ્ય દર્શાવવાની રહેશે.
- અગત્યનો પ્રોગ્રામ હોય તો સદર પ્રોગ્રામની પ્રસિધ્ધિ માટે પ્રોગ્રામની પ્રેસનોટ આપવાની રહેશે તેમજ પ્રોગ્રામ પૂર્ણ થયા બાદ પણ પ્રેસનોટ આપવાની રહેશે.
- પ્રેસનોટ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી ખાતે મોકલવામાં આવે ત્યારે ઇ-મેઈલ માં પ્રોગ્રામના ફોટા અલગથી jpg ફોર્મેટમાં અવશ્ય મોકલવાના રહેશે. તેમજ પ્રેસનોટ જે દિવસે પ્રોગ્રામ હોય તે દિવસે મોડામાં મોડી બપોરે ૧૫:૦૦ કલાક સુધીમાં મોકલી આપવાની રહેશે, જેથી નિયત સમયમાં પ્રસિધ્ધી અર્થે પ્રેસ નોટ માહિતી ખાતામાં મોકલી શકાય.

તમામ અધિકારીશ્રીઓ એ પ્રેસ નોટ બનાવતી વખતે ઉક્ત મુદ્દાઓ ધ્યાનમાં રાખી પ્રેસ નોટ તૈયાર કરવાની રહેશે, તેમજ પોતાની કક્ષાએથી સંપૂર્ણ ચકાસ્યા બાદ જ ઉક્ત કમીટીને મોકલી આપવાની રહેશે, અન્યથા જો પ્રસિધ્ધ થયેલ પ્રેસ નોટમાં કોઈ ભૂલ/ ક્ષતી રહી જવા પામશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે અધિકારીશ્રીની રહેશે. વધુમાં દરેક કાર્યક્રમની પ્રેસનોટ ફરજિયાત પણે તૈયાર કરી મોલકવાની રહેશે.

વિસ્તરણ શિક્ષણ નિયામક

જા. નં. વિશિની/આકૃયુ/પરિપત્ર/પ્રેસનોટ/૧૬૧૩/૨૦૨૧
તા. ૨૧/૦૯/૨૦૨૧